
[illegible]

[illegible]

કીંમત રૂ. ૧—૦—૦

સુરત તેમજ દેશાવરોમાં પ્રખ્યાત થયેલા ગાનારા



નાદોદવાલા ભક્તરાજ સતારમીયાં.

નાંદોદવાલા પ્રખ્યાત ભક્તરાજ સત્તાર મીયાની

ભજનવાની

ભાગ ૧ લો.

આવૃત્તિ ૧ લી.

છપાવી પ્રસીદ્ધ કરનાર
મ્યુઝીક માસ્તર નાનાભાઈ મુબારક,
ઠેકાણું ફાળ્ણીઠ ચૌટાના પુલ મ્યુઝીક ક્લાસ-સુરત.

સંવત ૧૯૭૮ સને ૧૯૨૨

કીંમત રૂ૦ ૧-૦-૦

સુરત બરાનપુરી ભાગળ
ભાજીવાળી પોળમાં આવેલા શ્રી 'અંબિકા વિજય પ્રીન્ટીંગ
પ્રેસમાં હરગોવનદાસ હરકીશનદાસે છાપ્યું.

સતાર ભગતની ભજનવાની.

રાગ—મહાડ ૧

નરસીંહ મહેતા નાગર બ્રાહ્મણની કુંવરબાઇનું મોસાળું.

નરસીંહ મહેતા નાગર બ્રાહ્મણ એરી જુનાગઢના રહેવાસી
તેની હીરી દીકરી કુંવરબાઇનું મોસાળુ આવ્યું ભાઇ
એરી લખી પત્ર તે તયાર કીધી પેલા મહેતાજીને કહેવ
રાવ્યુ
અવે વાત કહ્યું મોસાળાની સાંભળજો તમે ચીત ધરી

(કાગળ વહુ સાસરે લખવા છે)

નવસો નવાણું ચીર જોઇએ–પાંચશો પાઘડી ફેંટાનારે—
હવે વાત કહ્યું.
દશ કુંકું બાધણીઓ જોઇએ–એ પીતરાણીઆને પેરાવ
વારે—હવે વાત
દશ કુંડી ચુંદડીઓ જોઇએ–પેલી જેઠાણીઆને પેરાવ
વારે—હવે વાત

સોનાના તારની સાડી જોઇએ-એ વડ સાસુને પેરાવ
વારે—હવે વાત
દશ મણ તો કંકું જોઇએ-નાગરોના કપાળે ચોરાવવારે
—હવે વાત
દશ મણ તો ચોખા જોઇએ-નાગરીના કપાળે ચોરાવ
વારે—હવે વાત
આઠ મણ તો અબીલ જોઇએ-નાગર સભામાં ઉડાવ
વારે—હવે વાત
એટલામાં આવ્યા નણંદી બબડતા-લખોને બાઈજી એ
પાણુારે—હવે વાત
દશ મણ તો સોપારી જોઇએ-ભટ બ્રાહ્મણને વેચવારે
—હવે વાત
દશ ગુણ શ્રીફલો જોઇએ-પેલા દાપામાં ચુકાવવારે—
હવે વાત
સવાસો નાની મહોરો જોઇએ-પેલા દાપામાં ચુકાવવારે
—હવે વાત
સોનાના તારના સાંકલા જોઇએ-મહેતાના જમાઈને
પહેરાવવારે—હવે વાત
કુંવરબાઈના સોળે શણગાર-કુંવરબાઈને પહેરાવવારે—
હવે વાત

(મહેતા ગામમાંથી ગાડી લઈ આવે છે.)

ભાંગેલી તુતડી વેલડી, લાવ્યા, ખાંડયાં માડયાં બળદીઆ
જોડયા,
અને ભભુતીની બે ગાંસડી લીધી, તાલ પખાજને મૃદંગ
લીધાં.
અને સાથે લીધા બે વેરાગીરે-હવે વાત કહું મોસાળાની,
અરધી રાતના વેવાઈના ગામડીએ—હવે વાત કહું.

(વેવણ ઉતારો આપી પાણી ઉંનું કરવા જાય છે.)

ઝાંઝાં ચાંચડ ઝાંઝાં માકડ ત્યાં મહેતાનો ઉતારો-હવે વાત
વેવણે ઊનાં પાણી મેલ્યાં ઉઠો મહેતા સ્નાન કરી લ્યો.

(મહેતાજી કહે છે.)

તમે લાવો વેવણ ટાઢાં પાણી

(વેવણ કહે છે.)

તમો ભક્તને સાચા હોય તો બોલાવો મેઘ મલારનેરે—
હવે વાત

(નરસીંહ મહેતા પાણી માંગીને ભજન કરવા બેઠા.)

નરસીંહ મહેતા મલ્હાર ગાયા અને આવ્યા બારે મેઘ
મઢીનેરે
હવે વાત કહું મોસાળાની છપન કોઠડી પકવાન તણાયા
તમે ખમા કરો મેઘ મલારનેરે-હવે વાત

(કુંવરબાઈનું નરસીંહ મહેતા પાસે આવવું તથા રડવું.)

રાગ બીજો.

કુવા કાંઠાંરે રઝળેરે દીકરી એવી મા વીના રઝળે દીકરી
જેવો ગોળ વિનાનો કંસારરે તેવો ભાઈ વીના સુનો
સંસારરે
સાધા પીતાને દુઃખ દેવા માંડયું મારૂં શ્રીમત સીદને
આ આવ્યું.

(મહેતાજી કહે છે.)

બેટા શીદને રડેરે મારી દીકરી, તારી આશા પુરેરે શ્રીહરી
(એટલું કહીને મહેતાજી પોતાના ભજનમાં ચાલુ
થઇ ગયા ત્યાં ભગવાનને ખબર થાય છે ભગવાન
આવે છે.)

એક સુંદર વેલડી મંગાવી સારી શોભીત હીરલે જડાવી
—હવે વાત
માંહે બેઠા છે સારંગ પ્રાણી સાથે કમળા થયારે શેઠાણી.
આગળ ચોપદાર છડીદાર ચાલે હતો હતો કહી મારગ મેલાવે
બીકલે કાનોમે લેખણો ખોશી નામ ધરીયાં દામોદર જોશી
પીળાં પટકાંને જામા પહેરાવો હરવા ફરવાં સભામાં બોલાવો
કુંવર બાઇને અવ્વસ બોલાવો હરવા ફરવા સભામાં રેલાવો

(લક્ષ્મીજી કુંવરબાઇને કહે છે)

મારી મીઠીની ભરીએ આસું બોલાવો કયાં છે તમારી સાસુ

(કુંવરબાઈ પોતાની સાસુને બોલાવે છે અને કુંવરબાઈના હાથે બધું આપવા માંડયું)

નવસો નવાણું ચીર લઈ હયો પાંસો પાઘડી ફેંટાનીરે
—હવે વાત

દશ કુંડી બાંધણીઓ લઇ હયો પીતરાણીઓને પહેરાવી હયોરે— હવે વાત

દશ કુંડી ચુંદડીઓ લઈ હયોરે જેઠાણીઓને પહેરાવવારે
—હવે વાત

સોનાનાં તારની સાડીઓ લઇ હયો ઘરડી વેવણોને પેરાવી હયો—હવે વાત

દશ મણ તો હવે કંકું લઈ હયો નાગર કપાળે ચોડાવી હયો—હવે વાત

દશ મણ તો હવે ચોખા લઇ હયો નાગર કપાળે ચોઢાવી હયો – હવે વાત

આઠ મણ તો હવે અબીલ લઇ હયો નાગર સભામાં ઉડાવી હયો—હવે વાત

(કુંવરબાઇને નંદણને બોલાવી બે સોનાના ગોળા સભામાં આપી દે છે)

દશ મણ તો સોપારી લઈ હયો ભટ બ્રાહ્મણને વેચાવી હયો.

દશ કુંડી તો શ્રીફલ લઈ હયો દાપામાં રે ચુકાવી હયો—
હવે વાત

સાફ સોનાની મહોરો લઈ હયો પલ્લાં મારે મુકાવી હયો—
હવે વાત

સોનાના તારના સાંકળા લઇ ક્યો મહેતાના જમાઇને પહે
રાવી દયો—હવે વાત
કુંવરબાઇના સોળે શણગાર કુંવરબાઇને પહેરાવી દયો—
હવે વાત

(ભગવાન બંધુ રીતે ચાલ્યા જાય છે એટલામાં
કુંવરબાઇની સાસુ મેણું મારે છે.)

મહેતાએ મોસાળા શાનાં કીધાં એ તો કરી ગયો કોઇ
અવિનાશીરે—હવે વાત
આ અંબારામે છેદ બનાવ્યાં ઘણા પુસ્તક જોઇ કરીરે—
હવે વાત

રાગ—ફાગ ૨

ભાઇ ભજીલોને કીરતાર,
મોંઘો મનુષ્ય અવ્યા મલે ન વારંવાર ભાઇ. ૧
જુઠી કાયા જુઠી માયા, જુઠો કુટુંબ પરિવાર રામ
રાજા ભરથરી ગોપીચંદ જુવો છોડી ગયા ઘરબાર-ભાઈ ૨
કામ ક્રોધ મદમોહ લોભમાં જ્ઞાની જુવો નથી સાર,
આ ભવમાં જો ભુલી જસો તો ખાસો જમના માર-ભાઇ ૩
લાખો ગયા ને તું પણ જવાનો, મુરખા મનમાં વિચાર રામ
સાચું કહું જો જુઠું માનો તો મુવો કુટુંબ સંસાર-ભાઇ ૪

સત્ય ચરણ સતગુરૂની સેવા સજ્જનનો સણગાર,
દાસ સતાર કહે કર જોડી હરી ભવ ઉતરો પાર-ભાઈ ૫

રાગ - દેશ ૩

જ્ઞાની ગુરૂ ગુરૂ તો મળ્યારે, એણે ગોળી મારી જ્ઞાન તણી
રેહોજી,
કંચન કાયા કીધીરે, ગુરૂ તો મારા પારસમણી રેજી.

સાખી

હું તો જન્મની આંધળીને ગુરૂએ આપી આંખ,
ગુરૂનું ચરણનું અંજન આંજ્યાથીરે, મારી મટી ગઇરે
સહુ ઝાંખ.
મેં તો આંખો ખોલી જોયુંરે, ઘટઘટમાં બેઠા અલક ધણી
રેજી-જ્ઞાની.

સાખી

ગુરૂના ગુણને હું સુંગાવું એ ગુણનો ન આવે પાર,
ગુરૂ તો મ્હારા આંખની કીકીને, એરૂ ગુરૂ હૃદયના હાર.
ગુરૂ તો એવા દયાળુરે, એની દયા તો ઘણી રે ઘણી થઇ
રેજી-જ્ઞાન.

સાખી.

તન મન ધન એ ગુરૂને અર્પણ ને હું તો ગુરૂનો દાસ
ગુરૂ તો મારા ગરીબનવાજી, ને પૂરે ગરીબોની આશ
ગુરૂચરણમાં રહેવું રે, ગુરૂ તો મારા ઢોંગાઢણીરેજી-જ્ઞાની.

સાખી.

ગુરૂના દર્શન નિશદિન, કરતાં હડસઠ તીરથ થાય,
દાસ સતાર ગુરૂની સેવા, કરતાં એરી હ્રુદય હરખ ન માય.
ગુરૂ તો એવા પ્રેમીરે, એની પ્યાલી પીધીરે પ્રેમ તણી
રેહોજી જ્ઞાની.

રાગ—મહાડ ભજન ૪

એવી પ્યાલી પીધી મેતો, મારા સતગુરૂને હાથેરે,
એવી પ્યાલી પીધી મેં તો,
પીતા પ્રીત બંધાણી મારા પ્રીતમની સંગાથેરે-એવી પ્યાલી
પ્રેમ તણી લાગી છે રે અગ્નિ, પ્રગટી હારે હારેરે,
અણસમજુ અજ્ઞાની મુજને, ગાંડામાં ગણી કાઢેરે-એવી.
પ્રેમે સદગુરૂ મુજને મળ્યા, મારો સફલ થયો જન્મારોરે,
હું ગાંડી કે દુનિયા ગાંડી, આપ જ્ઞાની વિચારોરે-એવી.
સ્વામિના તો સુખને એની, પરણેલી સ્ત્રી જાણેરે,
શું સમજે એ કુંવારી કન્યા, પિયરીફંજ વખાણેરે-એવી
દાસ સતાર ગુરૂ પ્રતાપે, એરી પરણી મોજો જાણેરે,
જોવું હોય પિયુનું સુખ તો, પરણેલું વચન પ્રમાણેરે-એવી

૧૦૩૫૬

રાગ—બિહાર ૫

ગુરૂ વીના ગમ નહી પડે મુરખ નર ગુરૂ વિના ગમ નહિ પડે
ગુરૂ કરો તો જ્ઞાન બતાવે મુકતીનો મારગ જડે
અળગા રહીને ભકતી કરે તો બેલડી અધવચ બુડે-ગુરૂ.
મજન કરે પણ ભેદ ન જાણે ખાલી મુરખા લડે,
કહેણી કરે પણ રહેણી બીના તો કાચી કાયા સડે-મૂરખ
ગ્રોઉ કુતરાઓ ટોળે મળીને ભૂભૂ કરીને રડે,
એમના રડયાથી ધ્યાન ઉપજે જયાં જાય ત્યાં થાય હુડે હુડે
-મૂરખ.
ગુગરા નર સંતોષી હોય તો નુગરા નર બડબડે,
દાસ સતાર સત ગુરૂ પ્રતાપે મુકતીનો મારગ જડે-મૂરખ
નર-ગુરૂ કરો.

રાગ—ભેરવી ૬

હેરી કફની થયો જોગી હવે દુનીયા અકારી છે,
થી પરવા અમીરીની ફકીરી સૌથી સારી છે.
ઘા ધનવાન મોટા શેઠ કે મહારાજા કહેવાયા
રંતુ તુજ સખાવતની સરીખાજ નીજ ગુણ ગાયા
યા લક્ષ્મી પતી અને હવે તારી પરવારી છે
મો રહીશું ફકીરીમાં હવે તો આજ ધાર્યું છે.
રમાર્થ કાર્યને માટે આ તન મન ધનને આર્પશું છે,
જો જો ધન તરફ જરા સતાર ઇમાનનો ભીખારી છે.

રાગ—બિહાર ૭

વસ્તુ છે અણમોલી હૃદયમાં વસ્તુ છે અણમોલી
તારારે ઘટમાં પીયું બીરાજે તું અંતર પટ જો ખોલી-
વસ્તુ છે.
સત સમાગમ નીશદીન કરીએ સાંભળીએ શુદ્ધ બોલી,
સજ્જન કેરા સંગમાં ભાઈ પ્રેમની પ્રગટે હોરી-વસ્તુ છે.
સત્ય શમશેર લઈને પડીએ પાંચ પચીશની ટોળી,
શુદ્ધ શબ્દો સંતોલા ભાઇ પીજો ગોળી ગોળી-વસ્તુ છે.
ગુરૂ કરીને ગુરૂ ચરણમાં રહેજો લેજો શબ્દને તોલી,
ગુરૂ કીરપાએ દાસ સતાર બોલે જ્ઞાનની વાગી ગોલી-
વસ્તુ છે.

રાગ—ભૈરવી ૮

નબીજી દીઓને દરશન તમારો હું ભિખારી છું-પ્રભુજી
રહી આ રંગ પર પ્રસન્ન તમારો હું ભીખારી છું-પ્રભુજી
હો: દર્શન દેવા જરા આવો દયાળુ કેમ તરસાવો,
દયા લાવો દયા લાવો તમારો હું ભીખારી છું-પ્રભુજી
હજારો નામના નામી પધારો સત્યના સ્વામી,
તમારી છે ફકત ખામી તમારો હું ભીખારી છું-પ્રભુજી
પધારોને પ્રભુ ભાવે નયને નિંદ્રા નહી આવે,
રંગીલા શીદને તરસાવો તમારો હું ભીખારી છું-પ્રભુજી

લઇ જશે મને જયારે કબ્રમાં એ પ્રભુ ત્યારે,
તમે ચડજો મારી વારે તમારો હું ભીખારી છું-પ્રભુજી
કયા મનનો દિવસ ભારી ખબર લેજો પ્રભુ મારી,
હશે ત્યાં તમારી મુખત્યારી તમારો હું ભીખારી છું પ્રભુજી
સતાર સન્મુખ ઉભો રહીને બચાવીશ હું તને સેજે,
રડીને હું સફા કહી દઈશ તમારો હું ભીખારી છું-પ્રભુજી

રાગ—આશાવરી ૯

નર હય પશું સમાન ભજનખીન નર હર પશુ સમાન
જેસો ફીરત હય ઢોર હરાયો ખાત ફીરત હય ઘાસ પરાયો
અપને ધણીકો નામ લજાયો મુઢ મુરખ મસ્તાન-ભજનખીન
કોલ બચન દેતું વહાંસે આયો આકે લોભ માયામેં ચિત્ત લગાયો,
ધીક ધીક હરકો ગુણ નહી ગાયો બે વચની નાદાન-ભજનખીન
અજ્ઞાની કયા ફલકો પાવે તેરી મેરીમેં જન્મ ગુમાવે,
હીરલા હાથ ફીર કયાંસે આવે નીકલ ગયો જબ પ્રાણ-ભજનખીન
પ્રેમશે હરકા ગુણ જોગાવે જ્ઞાની હોકર ધ્યાન લગાવે,
દાસ સતાર વોહી ફલ પાવે જો ભજ તે હય ભગવાન-ભજનખીન.

રાગ— ભીમપલાશ ૧૦

થીર ઠરીને કોઇએ આ ઠામ નથી રહેવાનું,
કરી લો કાંઇ રૂડું કામ રહેશે કહેવાનું
વિક્રમ સરખા વીર ગયા ને ભૂપ ગયો વળી ભોજરે
જોરાવર જયકારી જગતમાં ફરતી જેની ફોજરે—થીર
જેણે બહુ જર જોડી જગતમાં કર્યાં બહુ ઉપકારરે,
કોઇ દુઃખી આના દુઃખ કાપવાને સંભારે સંસારરે—થીર
આરંભલા અધુરા રહેશે કોઈક જગત મુકામરે,
તરત અજાણ્યું તે હું આવે તજીને જવું આ ઠામરે—થીર
કાલ કરવાનું આજ કરીલે કોણે દીઠી કાલ છે,
પગની હેઠળ મોત પડયું છે એથી ચેતી ચાલરે—થીર

રાગ મહાડ—ભજન ૧૧

હું તો આ ચાલીરે ભરવાને પાણી,
બોલાવે મારા સદ્‌ગુરૂ અનવર જ્ઞાની.
હવે તો પીયરીઉં છોડી સાસરીએ જાવું,
એમાં શરમ મને શાનીરે......બોલાવે મારા
નાભી કમળ છોડી હું તો ચાલીરે,
પીયુજીના દ્વારે જવાની........બોલાવે મારા
ઇંગળાને પીંગળાનો મારગ મેલીને,
સુક્ષમણા માર્ગે જવાની........બોલાવે મારા

ઊનમુખ કુવો એની ગગન મંડળમાં,
માંહી અમૃત ભર્યું છે પાણી......બોલાવે મારા
અધર તખત પર માગ પીયુજી બિરાજે,
મોટી મળી છે એ એંધાણી......બોલાવે મારા
સતગુરૂ મળીયા ને સૌ દુઃખ ટળીયા,
પ્રીતની રીત મેં તો જાણી......બોલાવે મારા
અનવર પ્રતાપે દાસ સતાર બોલે,
લેજો આ વાત મારી માનીરે......બોલાવે મારા

રાગ—હોરી ૧૨

કહેતા મેરા માન ઓ, મનવા કહેતા મેરા માન,
જો તું હાથી હોતા મનવા, બાંધતા મેં મેદાન
ગરદન ઉપર બેઠકે તુજકો, અંકુશ લગાતા તાન...મનવા
જો તું ઘોડા હોતા મનવા, ઓર મેં કસતા પલાન,
ઓર બેઠકે તુજ પર મનવા, મારતા ચાબુક તાન...મનવા
જો તું પછી હોતા મનવા, ફીરતા રાનો રાન,
ઓર જો શીકારી બનકે તુજકો, મારતા તીર નીશાન...
મનવા
ના તું હાથી ના તું ઘોડા, ના તું જગસમાન,
જો તું જગમાં સમાન બીહોતા, તો પકડે બુછાન...મનવા
સમજ સમજ સમજરે મનવા સમજ થરે નાદાન,
દાસ સતાર કહે સમજાકર, આખર મોત નાદાન...મનવા

રાગ—બિહાગ ૧૩

નામ તલબપર અરે અરે નર મર તું ભક્તિ કરતું ભક્તિ કર
ઉમીદો આવશે તુજબર—તું ભક્તિ કર તું ભક્તિ કર.
જશે ઘોડા અને ગાડી વજીફા. વિત્ય અને વાડી,
ધરી દીલમાં પ્રભુનો ડર—તું ભકિત કર તું ભકિત કર.
અરે છે કાચની કાયા. જવું પડશે તજી માયા.
ન કાયમનું સમજી આખર-તું ભકિત કર તું ભકિત કર.
ભરી ભંડાર શું કરશે. પછી ભવ પાર કેમ તરશે,
ન તળીયું જાલનું જકલ—તું ભકિત કર તું ભકિત કર.
બધા ધન માલને મેલી, ભકિત માંડે જીગર જોડી,
થશે કાલે ખલાસ ઉમર—તું ભકિત કર તું ભકિત કર.
રખી છે સ્વર્ગના સાથી, વધુ ઇચ્છે છે શું આથી,
જરા સમજી જાને દીલબર—તું ભકિત કર ભકિત કર.
સતાર સાચું કહે છે સદા ભકતીમાં મશગુલ રહે
નહી તો તું ગણાશે ખર—તું ભકિત કર તું ભકિત કર.

રાગ—આશાવરી ૧૪

તાના કોન તને ગારે મે તો ગરીબ જુલાયા,
દુગધા દુર ખડી રે રે.....................મેં તો.
જો તું તાના તને કપટકા લોક હસાઈ ઠેરે....તાના.
એસા તાના તન બે મનવા સાહેબસે ચિત લાગે....ભાઇ
તાના.

હાથી ચડકર તાનાબે તાના ઉંટ ચડે તો પાવે...ભાઈ ઉંટ
ઘોડે ચક્કર રાજબુંડે તબ સાહેબ ઘર આવે...તાના
કાસીકામે બાસી બ્રાહ્મણ નામ મેરા પર બીના,
કૌસરમે જબ મીલે મોહમદ પકડ જલાયા કીના...તાના
લાએ લાફી નળી બનાઇ ઇલ્લીલ્લાક તાના,
દાશ કબીરા બુનને બેઠા ઉલટા સુત પુરાના...તાના

રાગ—મહોડ ૧૫

ભજન કરી લેને ગુણી પલ જ્ઞાની,
કાલે જાતી રહેશેરે જુવાની—ભજન.
ભજને નામ પ્રભુનું પ્યારૂં બત્તી વિના બધે અંધારૂં,
સાચું માની લેને કહ્યું મારૂં..............ભજન.
મુરખ કરતો મારૂં મારૂં એમાં જરા નથી કોઇ તારૂં,
છતી આંખે દેખે અંધારૂં......................ભજન.
મુરખ મનમાં બહુ મલકાશે ધનને દેખીને છલકાસે.
અંતે ખાલી હાથે જાશેરે......................ભજન.
તું તો શેઠનો છે વાણોતર તારા શેઠ છે શ્રીમોરલીધર,
ભક્તિ કરવા રાખ્યો નોકર..................ભજન.
કમાણી એવી કરીને જઇએ માંગે હિસાબ પુરો દઇએ,
ત્યારે શેઠના વ્હાલા થઇએ.................ભજન.
ભક્તિ કરશે જે કોઈ ભાવે તેનો જનમ મરણ મટી જાવે,
સતાર દાસ કહી સમજાવે.................ભજન.

રાગ—દેશ ૧૬

દુવારીકામાં દરશન કીધા નાથ મારાને નીહાળ્યારે ભાઈ (૨)
પાપ બધા ત્યાં પડતા મેલ્યા પુણ્યના મારગ ઝાલ્યા;
તમે લીટે લીટે ચાલોરે ભાઈ ખાડામાં છે ખદબડીઆરેજી—
દુવારીકામાં.

ગોકુલ મથુરા અમે ગયા ત્યાં કીધી ધર્મ કમાણી,
છાપ પડાવીને માળા લીધી તીલક બનાવ્યા તાણી;
તમે લીટે લીટે ચાલોરે ભાઇ ખાડામાં છે ખદબડીઆરેજી—
દુવારીકામાં

ગંગા ગોમતી સરસ્વતી અમો તીરથ નાવમાં તરીએ,
પાપ તણી ત્યાં લીધી પ્રતિજ્ઞા વદોના મુખે વાણી;
તમે લીટે લીટે ચાલોરે ભાઇ ખાડામાં છે ખદબદઆરેજી—
દુવારીકામાં.

નાના દીવાએ દીવાળી થાયને મોટા દીવાએ હોળી,
નામો ને રત્નો ભગત થયા પણ અંતે ભીલ અને કોળી;
તમો લીટે લીટે ચાલોરે ભાઈ ખાડામાં છે ખદબદઆરેજી—
દુવારીકામાં.

ઠગ ભગતો જગમાં ઝાલે પેટને માટે ઝોળી,
સત્ય સંતબની સત્ય કહે ભાઈ ભરમાવે દુનીયા ભોળી;
તમો લીટે લીટે ચાલોરે ભાઈ ખાડામાં છે ખદબદઆરેજી—
દુવારીકામાં.

રાગ—સંકા ૧૭

સંત જેના આચારે હોય તે તો સહુને સરખા ગણેરે,
સાચી જેની વાચારે મુખે જુઠું નહી ભણેરે—સંત.

(સાખી.)

કોઈ બ્રાહ્મણ કોઇ વાણીઓ, કોઇ સૈયદ ને વળી કોઇ શેખ
અરે જ્ઞાને કરીને જોઇ લો ભાઇ આત્મા સૌનો એક,
એક નાથ પારી જુદીરે પણ માતા સૌ ઉની સરખી જણેરે-
સંત.

જયાંથી હિંદુ આવ્યા ત્યાંથી આવ્યા પારસી મુસલમાન,
આ તેવીજ કાયાને તેવોજ ઉદર જુઓ કરીને જ્ઞાન;
અજ્ઞાની મન જુદારે પણ જ્ઞાની કોને જુદા ગણેરે-સંત.

(સાખી)

આ મહેતાજીએ પહેલું શીખવ્યું એકતા એકડે એક,
બગડે બેઠી બગડી જઇને એકના બન્યા અનેક;
એક પ્રભુને જાણીરે તમે ભક્તિ કરો શાંતિ પણેરે-સંત.

(સાખી)

વટાલ શબ્દનો અર્થ ન જાણે ને કહે વટલી જઇશું ભાઇ
પણ બ્રાહ્મણ બ્રાહ્મણને ઘેર વટલી જાય છે એ છે કેવી નવાઇ
ભેદ એનો ઉંડોરે એ રસ્તો છે ભાઇ દૂર ગણોરે— સંત.

(સાખી)

બાપીકો ધર્મ છુટે નહિ એમ ગીતાજીમાં ગવાય
બાપ અર્થ નો અનર્થ કરીને અજ્ઞાને અથડાય
જ્ઞાની મુક્તિ પામેરે અજ્ઞાની ભૂલો થઇને ભમે—સંત.

(સાખી)

કડવું ઓસડ રોગને કાપે ને અજ્ઞાન ને કાપે જ્ઞાન
દાસ સતાર તો સત્ય કહે છે સમજો ચતુર સુજાણ
કાયર થઇશું બેઠારે શુરવીર થઇને આવો રણે—સંત.

રાગ—ગઝલ બિહાગ ૧૮.

હમ ભૂતકો પુજે પ્રેમન બનકર તુમારા હમ પર સવાલ
કયા હય—

ભુત હય હમારા ઔર હમ હય બુતકે
ફીર ઉશમે તુમકો ગલાલ કયા હે—
તુમ જાવો મસજીદમે નમાજ પડલો
હમ જાકે મંદરમે બુતકો પુજે—
એદોનો બાતો મેં મેરે પ્યારે
હરામખોર હલાલ કયા હે—
ઉસીકો હમને હય શર ઝુકાયા
યકીન ઉસ બુતપર હમકો આયા—
કયા ખૂબ રસ્તા હય હમને પાયા

ફીર ઈસમે હમકો વબાલ કયા હે—
હમારે બુતપર હય જીતને શયદા
ઊન્હોને પાયા ખિતાબ કયસા—
વોરીં હ્રવોમેં કહેલા તે હયેંગે હરવા
તુમારે મજહબકા હાલ કયા હે—
સતાર તુમ દેખો દીલકે અંદર
મીલેગા તુમકો ઉસ બુતકા મંદર—
ઝુકાવો સીનેપર અપના તુમસર
ફીર ઇસમે કરના ખ્યાલ કયા હે—

રાગ—મહાડ ૧૯

મુરખ જો જાગી મુરખ જો જાગી,
આ ઘણુણુ.......ઘંટડી વાગી
તારા વાંસે મોત છે લાગી આ ઘણુણુ—ઘંટડીવાગી.
કામ ક્રોધ મદ લોભ ફંડમાં બની રહ્યા છે રાગી,
સાચું સુખ છોડીને મુરખા દુઃખ લીધું તે માંગી;
અંધ અભાગી આ ઘણુણુ...ઘંટડી વાગી—મૂરખા.
ચાર દીવસની જીંદગી સારૂ શાને કરે છે વરણાગી,
પ્રેમ થકી કર ભજન પ્રભુનું વાતો છોડીદે નાગી;
અંધ અભાગી આ ઘણુણુ...ઘંટડી વાગી—મૂરખા
દાશ સતારના સતગુરૂ રામકૃષ્ણ સંત મળ્યા સોહાગી,
અલખ લેહ લાગી આ ઘણુણુ...ઘંટડી વાગી મૂરખા.

રાગ—ગઝલ ૨૦

દયા જીશ દીલમેં ના હોવે વો દીલકો લેકે કયા કરના,
રહેના રાતદીન બીષમે અમીરસ લેકે કયા કરના—દયા.
સદા સંસારમે રાજી બને બૈરાગમેં પાજી,
નહો પંડીત નહો કાજી તોફીર સંધરેકે કયા કરના—દયા.
ન છોડા જુઠે ભોગોકે બસાવે ઘરમે રોગોકો,
સતાર ફીર બોધ તો અપના ઉનોકો દેકે કયા કરના—દયા.

રાગ—આશાવરી ૨૧

એક દિન જાનારે આખર મિટ્ટીમાં મીલજાના,
મીટ્ટીમેં મીલજાના એક દીન સબકો હે જાના;
એ દુનીયા છોડ કર જાના આખર મીટ્ટીમેં મીલજાના—એક
મીટ્ટી પુછે કુંભારસે ભાઇ તું કીયું ગુંદેકા મુજકું,
એક દીન એસા વખત આયગા મે ગુંદ લુંગી તુજકું—એક
કપડા પુછે દરજીસે તું કીયું બે સીયેગા મુજકું,
કપડા પુછે દરજીશે ભાઇ કીયું બે કોટેગા મુજકું—એક
એક દીન એસા વખત આયગા મે ગાંઠ લઉંગા તુજકું,
એક દીન ગાંઠ લુંગા તુજકું—એક
લકડા પુછે સુથારસે તું કયું બે કોટેગા મુજકું,
તું કીયું બે કોટેગા મુજકું—એક
એક દીન એસા બખત આયગા મેં પુંકદુંગા તુજકું,
મેં પુંક દુંગા તુજકું—એક

મિટ્ટી ઓઢના મિટ્ટી બિછાના મિટ્ટીકા કર શી રોના,
કહુત કબીરા સુનો ભાઇ સાધુ એહી પદ નીરવાના—એક

રાગ—પીલું ૨૨

હાંરે તુને કિંમત ગુમાઈરે હિરાતન :પાઇ—હાંરે
નવ દશ માસ ગર્ભમાં રાખ્યો નરક યોની મુકતાઇ,
એ અવનિસે બહાર નીકળ્યો સોઇ સમર થકી તુને શુદ્ધ બીસરાઈ-હાંરે.
બાલાપણ ખેલ ગુમાયો પીછે જુવાની આઇ,
જોરે માતાને દુધ પીલાયો સોહી માતાકી તુને કુખ લજાઈ -હાંરે.
વૃદ્ધ ભયો કફ આવન લાગે બાહીર ખાટ બીછાઇ,
પાડ પાડોશી જુર જુર આવે ઘરકા કહે ઉનકી મોત ન આઇ -હાંરે.
ભવસાગરકી અગમ બાતહે વાંકો પાર ન પાયો,
કહુત કબીરા સુનો ભાઈ સાધુ છોડ ચલે તોરી સબી ઠકરાઇ —હાંરે.

રાગ—પીલું ૨૩

અબ તો યેહી શિખામણ માન, મન તું ચેત સમજ નાદાન
મન તું કરલે મુસલમાન, ભાઇ રોજા રખલે નમાજ પઢલે

સાચી રાહ પિછાન, ઇસ દુનિયાકે અંદર તુંતો દો દિનકા
મેમાન,
એક દિન નીકલ જાયગી જાન.......મન તું.
દયા ધરમકો મૂલ હે, પાપ મૂળ અભિમાન,
મેં મેં મતકર ફુલતું બંદે ખોલ જરા તુ કાન....એક દિન
પરાઇ નિંદા કરનેસે તો બિગડ જાયગા ઇમાન,
મન ક્રોધ મદમોહ લોભસે, આન પડે સેતાન,
હરિકા હરદમ રખલે ધ્યાન......મન તું.
મુરિદ બન જાતું પીરકા પ્યાલા, શબ્દ પીરકા પહેછાન,
પીર સદગુરૂ ચરનમેં જાવે તો, આવેગી સાન,
હરદમ હરિકા ધરતું ધ્યાન.......મન તું.
પરાઇ એબ તું કયા દેખેગા, જાત તેરી પહેછાન,
કોન બુંદસે બની હે કાયા, તું કયું હુવા અંજાન,
ઈશ્કકા અજબ બના મેદાન......મન તું.
પરનારીસે પ્રીત મત કર, વો હય નરકકી ખાણુ,
દાસ સતાર કહે કરજોડી, સાચા શબ્દકી માન,
ધણીકા હરદમ રખતું ધ્યાન......મન તું.

રાગ—પીલુ ૨૪

અમારી પરીક્ષા મત કરો સાધુ હમતો નાગર બ્રાહ્મણીયારે
લાલ મત કરોરે મેરી બાતનીયા

મેં તો નથી કરીયારે કંઇ દાતણીયારે રે લાલ મત કરોરે
મેરી બાતનીયા
બરફી બી ખા ગઇ પેંડા બી ખા ગઈ ચુંન ચુંન ખાઈ ગઇ
રેવરીયા
સારી દુકાનમે દો ચીજ છોરી એક શેર દો તાજરીયા રે
-લાલ મત કરોરે મેરી બાતરીયા.
હોલે બી ખા ગઇ તીતર બી ખા ગઇ ચુંન ચુંન ખા ગઇ
લાબરીયા
સારે પંખીમે દો ચીજ છોરી એક ચાંચ દો પાખરીયા
મે તો નથી કરીયા કંઇ દાતણીયા—અમારી પરીક્ષા
બુઢેકું ખા ગઈ જુવાન કુ ખા ગઈ ચુંન ચુંન ખા ગઈ
છોકરીયા
સારે બદન મેં દો ચીજ છોરી એક હાર દો પાંસળીયા
મે તો નથી કરીયા
કંઈ દાતણીયા- અમારી પરીક્ષા
કચ્છ બી ખા ગઈ મછ બી ખા ગઈ ચુંન ચુંન ખા ગઈ
મેડકીઆ
સારે સમુદ્રમેં દો ચીજ છોરી એક શંખ દો ચીપણીયાં
ચાર જુગકી મેં અપવાસી એંસી જુગકા દાતણીયા
રે લાલ મત કરોરે મેરી બાતરીયા--અમારી પરીક્ષા

ભજન ૨૫.

જોગી જોગણ જગ ભરમાવે, વાકો લાજ શરમ નહિ આવે
—જોગી

સોના રૂપા પહેરકે ઠગણી ઘરઘર ઢોલ બજાવે,
કુત્તા કુત્તા મેડક મુરગા, સારંગી ઢોલ બજાવે-જોગી
જોગી નામસે ભવ સાગર તીરે, નામકા નામ બતાવે
હરદમે હરકો દઍ, પલ પલમેં પાવે-જોગી
જોગી હોય તો જોગ લગાવે, ભોગી મરમર જાવે
દાસ સતાર ગુરૂ કીરપાસે, ગોવિંદકે ગુણ ગાવે—જોગી

રૂપાસતીનું—ભજન ૨૬

આવી આવી શરદે પુનમની રાત ભાઇઓ,
તે દહાડાની રાતેરે ભાઈ રૂપાસતીનો જનમ થયોરે-ભાઈઓ
રૂપાસતીની માએ એક જોશીરા તેડાવેલા ઘેર ભાઇરે.
જોષને તમો જુવોરે આ બાઈના કરમે શું રે લખ્યું ઓ—
ભાઇઓ

જોષ કહે એ બાઈના કર્મમાં લખ્યા સિંહાસન પાટ ભાઇરે
અને બીજો રે વળી લખ્યો રાજા કેરો ઘોડો એ ઓ ભાઇરે
એ બાઈના કર્મમાં લખી એક ગવરી ગાય ભાઇરે
અને ચોથેરે વળી લખ્યો સિંહલદ્વીપનો હાથીડો-ઓ ભાઇઓ

એ બાઈના કર્મમાં લખ્યો એક જગમલરે કુંવર—ભાઇઓ
અને સાસરીયા તે લખ્યારે મુલક મેવાડનારે—ભાઇઓ

માળીનો ઉચ્ચાર.

રૂપાસતીએ અંગનો ઉતારેલો મેલ ભાઇરે
તેનો તો બનાવ્યો એક રૂડો મરગલોરેજી
એ મરગલે ચરતો દાડમ ડમરો નાગરવેલ ભાઇરે
માળી જઇને કરે રાજાને ફરિયાદ ભાઇરે

રાજાનો ઉચ્ચાર.

રાજા સજે હું કારે હથિયાર ભાઇરે
તેરસો ને વળી ચઢયા ડુંગર મરગલે મારવારેજી
લશ્કર સજે હુંકારે હથિયાર ભાઇરે
જેના ભણીથી જાશે તેને ગરદન મારશુંરેજી
મરગલે મેલી પૂર્વ પશ્ચિમની દોડ ભાઇરે
રાજા કેરો ઘોડો આ મરગલે કુદ્યોરેજી
બાલા રાજાએ મરગને મારવાના લીધા વ્રત ભાઇરે
આ મરગલાને મારીશું ત્યારે પાછા ઘેર આવશુંરેજી
મરગલો કહે બાપા સાંભળોને મારી વાત ભાઇરે
આ જેવાને વળી લખ્યા તેવા જોડા મેળવ્યારેજી
કોઈના માથે તાંબા પિત્તળના ઘાટ ભાઇરેજી
રૂપાસતીના હાથેરે ભાઈ સોના કેરી ઝારીઓજી-ભાઈરે

રાજાનો ઉચ્ચાર

માલો રાજા કરે સાહેલીને સાન ભાઇઓ
સોનારીને પૂછોરે બાઈ પાણીલા કયાં કીજીએજી
પાણીરે પીધું લશ્કર ઘોડા હાથી ઊંટ ભાઇઓ
અને રૂપાસતીની ઝારીરે ભાઇ જળમાં ઝળકતીરેજી
માલો રાજા કરે સાહેલીને સાન ભાઇરે
એ નારીને પૂછો રે બાઈ પરણ્યા કે કુંવારારેજી
રૂપાસતી કરે સાહેલીને સાન ભાઇરે
નથી અમે પરણ્યા છીએ બાળકુંવારારેજી

રૂપાસતીનો ઉચ્ચાર.

કાકા બાપા સાંભળોને મારી વાત ભાઇરે
જેવાને વળી લખ્યા તેવા જોડા માલીકે મેળવ્યારેજી
આ લીલા વાંસડીઆ તો મંગાવોરે ભાઇઓ
તેનો તો બંધાવો એક રૂડો માંડવોરે ભાઇઓ
આ ગંગા કેરી ગોરમટી મંગાવોરે ભાઇઓ
તેની તો બનાવોરે ભાઈ નવરંગી ચુડીઆરેજી
રૂપા કેરા ગુગરીઆ મંગાવોરે ભાઇઓ
અને પીછોડીને પડખેરે ભાઈ માલો રાજા પરણ્યારેજી
પરણ્યા પરણ્યા મુલક મેવાડના રાજા ભાઇરે
એરે સોનાની થાળીમાં રાજા કલવો જમ્યારેજી

ભગીયન અને રાણીનો ઉચ્ચાર.

વાયેગ આવ્યા ગુરૂ દ્વારે રાણી સુતેલા જાગોરેજી
કેમ કરી આવું મારા ગોરજીરે માહેરાજા જાગેરેજી
નિદ્રા મંગાવી સારા શહેરનીરે રાજા પલંગે પોયારેજી
વધેરૂં વધેરૂં જળમળ દેખું હા,
અને બીજો વધેરૂં મારો ઘોડલોરેજી
વધેરૂં વધેરૂં ગવરી એક ગાય
અને ચોથોરે વધેરૂ મારો સિહુલદ્વીપનો હાથીરેજી
ત્યાંથી રૂપાસતી ચાલ્યારે આવ્યા દેવડી દરવાજેરેજી
ભાઇરે દરવાન વીરા વીનવુંરે તાળા જડયા ખોલોરેજી
કેમ કરી ખોલું મારી બેનડીરે કુંચી રાજાની પાસરેજી
તાળા દીધા છે જેસલ સાદનારે કુંચી રાજાની પાસરેજી
ત્યાં રૂપાસતી આલ્યારે આવ્યા વાલી બાઇ મુકામેરેજી

નોકરનો ઉચ્ચાર.

જાગો જાગોરે મેવાડના રાજ મારા નવાનગરના રાજાજીરે
ત્હારી માનીતી રાણીએ રાજ વટલાવ્યા મહારાજ તમે
જાગોજી

ભંગીયણનો ઉચ્ચાર.

નુગરાની છાંએ દીવો મારો ઝાંખો બળેરે હોજી
હોળીની કોઇ નુગરો આવ્યો ઘર પાસરે —નુગરાની છાંએ

ત્યાંથીરે પીપળો હાલ્યો આવ્યો ગુરૂને દુવારેરેજી
ત્યાંથી પીપળો હાલ્યો આવ્યો પોતાને મુકામેરેજી

રાજાનો ઉચ્ચાર.

અંધારી રાત બિહામણીરે રાણી કઠેરે સિધાવ્યારેજી
હમે પુલડાના ભોગીરે પુલ બાગમાં ગયાતાં રેહોજી
ફેલફેલ મતકર ફરીરે પાખંડમાં સમજાવોરેજી
ચીરનો છેડો ખોલરે તારી તોડમાં શું છે રેજી
આપણુ મુજને બતાવ તારી ગતિનો છુંરે ગુલામહોજી
આપણુ ખાંડા કેરી ધાર, રાણી સતીને મારગ સીધાવ્યારેજી
જાગો જાગોરે મેવાડના રાજ મારા નવાનગરના રાજાજી
તારી માનીતી રાણીએ રાજ વટલાવ્યા મહારાજ જાગોજી
પારણામાં ઝુલે જગમલ દેખું હા, ઘોડારમાં ઝુલે મારો
ઘોડલોરેજી
વાડામાં ઝુલે એક ગવરી ગાયરે, હીરા ઘરમાં ઝુલે મારો
હાથીડારેજી
ગુરૂના પરતાપે બોલ્યા રૂપાબાઇ સંતોરે મારા માલે
અમરાપૂરમાં હોજી

રાગ-મહાર ભજન ૨૮.

કઠિન રામરસ પ્યાલા પીયે સો જાનેરે ભાઇ
જાકો લગી સોજાને દુસરવા કયા જાને ભાઈ-કઠિન

રામકો લાગી લક્ષ્મણુકો લાગી લાગી જાનકી માઈ
હનુમાનકુ એસી લાગી, લંકા દીયો જલાઈ–દુસરા કયા
જાને ભાઇ.
સૂરકો લાગી કબીરકો લાગી. લાગી મીરાંબાઇ
પલક બુખારેકો એસી લાગી, છોડ ચલે બાદશાહી–દુસરા
ધ્રુવકો લાગી પ્રલ્હાદકો લાગી, લાગી હરનાકંસ
રોહીદાસ ભક્તકુ એસી લાગી, ગંગા લીયો બુલાઇ–દુસરા
તીર ન લાગે તરવાર ન લાગે, ઘાવ નજર નહિ આઈ
કહત કબીરા સુનો ભાઇ સાધુ, હરીચરણુ ન સુખદાય
—દુસરા

રાગ—મહાર ભજન ૨૯

કાયા માયા કોહીકી નાહિ ભઇ, તુમ કહેતે હો અપની
અપની
સતજુગમેં હરિશ્ચંદ્ર ભયો, રાજા સત્યકી સત કહી
એક સત્યકે કારણુ ભાઈ, કાયાબી બેચ દઈ, તુમ કહતે
અપની (૧)
ત્રેતામેં રાવણુ ભયો, રાજા કંચન કોટ સહી
એક લક્ષ પુત્ર સવા લક્ષ જાતિ, ઉને લડકી નાહિ મીલી
–તુમ (૨)
દ્વાપરમેં દુર્યોધન ભયો, રાજા પક્ષીકો છાંય કરી
એક બખત ભારતકે ભીતર દોલી લાસ પડી–તુમ (૩)

કલજુગમેં કર દેખ ભલાઇ જેસી કરણી કરી
ગુરૂ પ્રતાપે દાસ કહતે હે, યહ જીંદગી હય મરની--
તુમ (૪)

રાગ—બંજારા ભજન ૩૦

મય તો ઢુંઢ ફીરી જગ સારા, મુજકો મીલે ન મેરા પ્યારા
પૂર્વ પશ્ચિમ ઉત્તર દક્ષિણુ, દેખા સબ સંસારા
મસજીદ મંદિર સબમેં ઢુંઢા, ઢુંઢા ઠાકુર દ્વારા-મુઝકો
માતામેં ઢુંઢા પિતામેં ઢુંઢા, કુટુંબ કબીલા સારા
મહેલ માલીયા સબમેં ઢુંઢા, ઢુંઢા સગ ઘરબારા—મુઝકો
શાહકી સલ્તનતમેં ઢુંઢા રાજનકા દરબારા
નદી નાલેમેં જાકર ઢુંઢા, ઢુંઢા ઘાટ ઓવારા—મુઝકો
ઝાડમેં ઢુંઢા પહાડમેં ઢુંઢા, બનમેં જાકે પુકારા
ગગન મંડલમેં નજરસે ઢુંઢા, ચાંદા સુરજ તારા—મુઝકો
કભી ઠુમરી કભી લાવની, કભી ગાતા કેદારા
પિયુ મિલનકે કારણુ મયને કભી ભજન લલકારા—મુઝકો
હ્રદયકે ભીતર મંડપ રચીયા ઉસમેં પિયુજી પ્યારા
મય કયા જાનું મુઝે બતાયા, ગુરૂને કરકે ઇસારા-મુઝકો
ખોજત ખોજત સદગુરૂ મળ્યા, મટી ગયા ભટકારા
સંત ચરણે સતાર કહેતા, ગુરૂ ભેદહે ન્યારા-મુઝકો

ભજન

કાનુડાની મોરલી વેરણ થઇરે, કાનુડાની મોરલી વેરણ થઇ
હવે બાવરી હું તો બની ગઇરે, કાનુડાની મોરલી વેરણ
થઈ—કાનુડાની
વંદ્રાવનની કુંજ ગલીમાં, ચાલી હું વેચવા મહી
નંદનોલાલ મને સામો મળ્યો હું તો જોવાંજ શરમાઈ
ગઇ—કાનુડાની
વ્હાલો વગાડે મીઠી મીઠી મોરલી, સાંભળતા સુધ ગઈ
એરે ઠગારે કામણ કીધારે, હવે હું તો ઠગાઈ ગઇરે—
કાનુડાની
સાંવરી સુરત મોહિની સુરત, ઉપર મોહિત થઇ,
દાસ સતાર પ્રીતમનીરે, દાસી બનીને રહીરે—કાનુડાની

રાગ—પીલુ ભજન ૩૧.

કળજુગ આવ્યો ખોટો ભાઇ, હવે કરીલો સત્ય કમાઈ
મૂકી દોને માન બડાઈ, નામ જપોને હરેહરે-કળજુગ
નાસ્તિક લોકો ઘણા થયા છે, આચા પંથો થઇને રહ્યા છે
કુડ કપટ મનમાંહી ભર્યો છે, નામ જપો ને હરેહરે-કળ.
બીક પરભુની રાખે મનમાં, નજર બગાડે નીજ પરધનમાં
ફુલીફુલી ફરે મગનમાં, નામ જપો ને હરેહરે-કળજુગ

પૈસાદાર થયા અભિમાની, ગળા રેંસીને કરે કમાણી
પુણ્ય દાનની નહિ નિશાની, નામ જપોને હરેહરે-કળ.
નામના કરવા નામ કરે છે, મોટાઈમાં માન ધરે છે
માંસ મદિરા પાન કરે છે, નામ જપોને હરેહરે-કળ.
પાપ પુણ્ય નવ જાણો કાંઈ, છળકપટ ભર્યું મનમાંહી
જટાઈ વધારી બન્યા ગુંસાઈ, નામ જપોને હરેહરે-કળ.
ભક્તી કરતાં આળસ આવે, વેશ્યાનો નિત નાચ નચાવે
મુરખ નાચમાં રેન ગુમાવે, નામ જપોને હરેહરે-કળ.
જીભ્યા તો છે ભગતની ભાઈ, પણ મન તેનું દીસે કસાઈ
દયા બતાવી કરે કમાઈ નામ જપોને હરેહરે-કળજુગ
ચતુરાઈ પોતાની બતાવે, અજ્ઞાની થઈ જ્ઞાની કહાવે
લોકોને ઉંધુ સમજાવે, નામ જપોને હરેહરે-કળજુગ
દયાભાવ દીસે નહિ મનમાં, અદેખાઈ વસી રહી મનમ
સત્વર ભાગા હરી ભજનમાં નામ જપોને હરેહરે-કળ
મહંત થઈ મંદિરમાં બેસે, જ્ઞાન પૂછતાં ગાળો દેશે
લઠ લઈ ચલબે રંડી કહેશે, નામ જપોને હરેહરે-કળ
દર્શન કરવા વિધવા આવે, મેયાં કહી બાઈ બોલાવે
મૈયાં કહેતાં આંખ દબાવે નામ જપોને હરેહરે-કળ.
એવા ઢોંગી ઘણા ફરે છે, જ્ઞાની મુનિમાં નામ ધરે છે
પરનારીથી પ્રીત કરે છે, નામ જપોને હરેહરે-કળજુ

અસાર આ સંસાર છે ભાઈ, એમાં ભક્તી સાચી કમાઇ
દાસ સતાર કહી સમજાવે, નામ જપોને હરેહરે-કળજુગ

રાગ—આશાવરી ભજન ૩૨.

સાધુ વો નર હમકુ ભાવે, સાધુ વો નર હમકુ ભાવે,
દુખ ઓર સુખમેં આનંદ રહેવે, હરિગુણ હરદમ ગાવે
—સાધુ-૧.
પરનારી પરધનકો ત્યાગે, સતકી રોજી ખાવે
તનમન ઔર બચનસે ઉનકો, જીકો નહિ દુખાવે
—સાધુ-૨.
કર સેવા સંસારકી ઊનકો સાંચી રાહ બતાવે,
ધરમ કરતાં ધાડ આવે, તો હિમત હાર ન જાવે
—સાધુ-૩.
પરદુઃખ ભંજન હોકર રહેવે ગુરૂ ગોવિંદકે ગુણગાવે
દાસ સતાર સાબુ જલ મીલકર મેલકો માર હટાવે
—સાધુ-૪.

કવાલી—ગઝલ ૩૩.

તું દીલબર હે તો મેં દીલ હું, તું ગુલશન હય તો મેં
ગુલ હું
અગર ગુલ્શનકા ગુલ હે તું, તો મંયભી તેરા બુલબુલ
હું—તું.

અગર તું યાર હે મેરા, તો મંય દીલદાર હું તેરા
અગર તું ચહેરે અનવર હે તો મંયભી જુલ્ફ સુમબુલ
હું—તું.

તું ખુરશેદ હે તો મય જરી, તું દરિયા ઔર મેં ખતરા
અગર તું શીપ હે તો મંયભી, મોતી ઉસમેં બેમુલ હું-તું.
અગર તું તેગે મૌલા હે, તો મયભી ઢાલે અહેમદ હું
અગર તું હય શહીદે કરબલા, તો મયભી દુલદુલ હું-તું.
અગર તું નુર હય જાના, તો મયભી નુરકા ઘરહું
અગર સતાર હય શયદા તો મય દિવાના બીલકુલ હું-તું

કવાલી—ગઝલ ૩૪.

રહીમ તું હય કરીમ તું હય, તુંહીને દાનો જહાં બનાઇ
તમામ દુનિયા ઔર દીંમે, તેરી છુપી ઔર જાહેર હય
રોશન—રહીમ.

લામકામેં તુંહી છુપા હય, મકાને જાહીર તુંહી હુવા હય
મગર હકીકતમેં તેરી પ્યારે, જીન્હોને પાઇ ઉને છુપાઇ
સમજ સમજ કર હુવે દિવાને, હજારો દાને કરોડ શ્યાને
રમલકી બાત બતાતે હૈવો જીનકો જેસી સમજમેં આઇ
—રહીમ.

કાબેકી તરફ શેખ જાવે, હિંદુ મંદિરમેં ઘંટ બજાવે
રહા હય હર શયમેં નુર તેરા, ખુદાહે તેરી અજબ
ખુદાઇ – રહીમ

કવાલી ગઝલ—૩૫.

નુરકા જલ્વા દિખાયા યારને, હાય દિવાના બનાયા યારને
—નુરકા

મસ્ત મુર્શિદને કીયા અબતો મુજે, જામ ઉલ્ફતકા પિલાયા
યારને—નુરકા

અબ નહિ ઉનકો આરામ ચૈન ખ્વાબમેં જલ્વા દીખાયા
યારને નુરકા

મેરી હસ્તીકો મિટાનેકો લીયે, દીલકે અંદર ઘર બનાયા
યારને—નુરકા

સુરતે મુર્શિદમેં પાયા યારકા, હાં ખુબ હે નકશા બનાયા
યારને—નુરકા

રાજ મખસી જાયદા જાવે નહિ, ભેદ સબ દીલમેં છુપાયા
યારને—નુરકા

અર્શ આજમ પર ખુદા મહબુબકો, યારકો મહમાં
બનાયા યારને—નુરકા

યાર પર સતારને હોકર ફીદા, ખુબ જકડકર કહ દિખાયા
યારને—નુરકા

રાગ—ભેરવી ગઝલ ૩૬.

અરે મન છોડ દુનિયાકો, તુજે સંસાર કયા કરના
ચલા ઉઠ જાતું જંગલમેં, તુજે ઘરબાર કયા કરના—અરે

કરે કયા મહેલ માલોંકો, કરે કયા હીરે લાલાંકો
તું હૈ બાગ માલીકા, ગજરે હાર કયા કરના— અરે
મેહોબત છોડ દુનિયાકી, ચલન ચલ અબતું ઈન્સાંકી
કમાઇ કર પ્રભુ રાહકી, કપટ બેપાર કયા કરતા—અરે
અગર સમજે તો સમજાઉં, પ્રભુકી રાહ બતલાઉં
તું ખુદ હોશિયાર હે મનવા, તુજે હોશિયાર કયા કરના-અરે
અકેલા યહાં પર આયા હય, અકેલા યહાંસે જાયગા
બંદે સતાર કહેતા હે, ભલા દોચાર કયા કરના—અરે

કવાલી—ગઝલ ૩૭

જોગી બને હે ઉસ ભુતે ઐયાર કે લીયે,
બૈઠે હે કફની પેહરકે ઉસ ખબરદાર કે લીયે-જોગી.
માથેપે કેસકા, હાથમેં સુમરન, ગલેમેં હાર,
યે દ્દજ બનાયે ફીરતે હે, દીલદારકે લીયે-જોગી.
ધુજા રમાઈ ખાક મલી, સરેસ પૈર તક
બૈઠે હે મુતન જર તેરે દિદાર કે લીયે-જોગી.
જખમે જીગર પર કોઇ, મસીહા હી કર દીયા
કુછ તો દવાઇ કર દીજે બીમારકે લીયે-જોગી.

કવાલી ગઝલ—૩૮.

સીસા હે મસ્તી મેં ઓર, મસ્તી મેરી સીસેમેં હે
કયાં ન પીવું શોખસે મેરાહી દીલ સીસેમેં હે—સીસા.

અયે બખરે યા ખરે અગ પંખે શલી અય સુના
હય પરીકે હાથમેં સીસા, પરી સીસેમેં હે—સીસા
પીલે જાકીય જામલે, સાકીસે તલબ કર દોડકર
ખુલ ગઈ તકદીર મેરી, હરઘડી સીસેમેંહે —સીસા.
એક ચીલ્લુ અપ પીલા, સતાર અપને યારસે,
કયા કહું મેરી નજર, અબ હરઘડી સીસેમેંહે—સીસા.
બંદા હોકર બંદગી કરલે, ખુશ હોવેગા હકતાલા
યહિ હે રસ્તા સીધા પ્યારે, મનકી જપ મનમેં માલા-બંદા
યાદ કરો ઓર ધ્યાન ધરો તો, દેખોગેજી ઉજીપાલા
મત બનતું શયતાનકા સાથી આજા દેકર જાલા—બંદા
બહાદુર હોકર બેઠ રહા કયું તોડ દે દસમા તાલા
મરને પહિલે જો મરજાવે, વાહી બને હે મતવાલા-બંદા
જન્નતકે રસ્તે કે ઉપર, એક બના હે નાલા
પાર ઉતરના હો તો ભજલે, હકતાલા હકતાલા—બંદા
ગીર મુરશીરકે કદ મોં પર, ઓર પીલે ઉનસે પ્યાલાં
દાસ સતાર વો પ્યાલા પીકર, બનજાતુ મતવાલા-બંદા

રાગ—સોરઠ ગઝલ ૩૯

કર ભજન દીલસે તું પ્યારે, તો મજા કુછ પાયગા
યાદ રખ ભુલા અગર તો ફીર બહોત પછતાયગા—કર
મતસુરી કર તું પ્યારે, માલે જરકો પાયકર
છોડકર સબ જાગીરી, એકાદીન ફના હો જાયગા—કર

કયા ફસા માયાકે ફંદમેં, જરા તો ચેત નર.
યાંહિ ફંદમે પડા રહેગા તો તું સડ જાયગા—કર
ચલતી ઘર પર તેરે દીમાખ, તું ઉસકો સાફ કર
ઘરકે થંભલે ખાયગી તો ઘર તેરા ગીર જાયગા—કર
ઘરમેં તેરા વો છુપા હે ઔર નહિ તુજકો ખબર
ઢુંઢલે તું ચુપકે ચુપકે, તો યહીં મીલ જાયગા—કર
છોડદે સુરત સિપાઇકો સીરવર પર ઢુંઢને
કર હુકમ તાકીદકા તો, ઢુંઢ કર ઝટ આયગા—કર
ભુલકર કયું દર બદર ફીરતા હે તું બંદ સતાર
તેરે ઘરમેં ચોર આકર ઝટ રતન લે જાયગા—કર

ભજન ૪૦.

હમ તો બ્રહ્મચારીરે બ્રહ્મચારી
સાધુ સંગમેં રખતે નારી—હમતો
હમે ખુબ બન્યા ઘરબારી—હમતો
મૂછ મુંડાઇ જટા મૂંડાઇ ઓર મૂંડાઇ દાઢી ભાઈ (૨)
પંચ કેસકા નામ નરકકે, એસે હમતો અનારી—હમતો
માત હમારી સંગમે રહેવે ઓર હમારી નારી ભાઇ (૨)
એક પુત્રકે બાપ બને હમ, એસેં હમતો ઘરબારી-હમ.
ઘરમેં આતે ઘરસે જાતે, ઘરમેં કરો પથારી ભાઇ (૨)
બૈરાગીબી હમ હે સાધુ, હમ તો હે સંસારી-હમતો

હૃદય ભુવનમે બાસ હમારા, સાથ રખે બોત નારી (૨)
પાંચ ગુલામ ઓર પચીસ દાસી, સેવા કરે હમારી–હમતો
પાંચ પચીસકુ ઉપર હમને, એક રખા અધીકારી (૨)
એ ઉપર જે ગફલત ખાવે, તો બાજી બીગડે હમારી–હમ
એ ભેદકો જો કોઇ સમજે, એહી પુરા બ્રહ્મચારી (૨)
દાસ સતાર સમજકર કર લે, અબ તો તું સરદારી–હમ

રાગ આશાવરી-૪૧.

કેમ કરી ઉતરે તે પાર, પત્થરને નાવે તે કેમ કરી
ઉતરે પાર.
જેનો લોભ ગયોરે ના લગાર, પત્થરને નાવે તે કેમ કરી
ઉતરે પાર.

ધનને દોલતમાં જેનો જીવ ભરાણોરે
તેનો લોભનો થયો સરદારરે—પત્થરને
માળા ફેરવે પણ મોહમાં રાજી
એનો એળે ગયોરે અવતાર—પત્થરને
જોગી બન્યા પણ ભોગી રહ્યારે ભાઇ
ઘરમાં રાખે જે બે ચાર નારરે—પત્થરને
ઠગ ભગતનું નવ ઠેકાણું લાગેરે
સંતેર ચરણે કહેરે, દાસ સતારરે—પત્થરને

રાગ બીહાગ—ગઝલ ૪૨.

કહે શ્રી રામ લક્ષ્મણકો તુજે કીસને બુલાયા હે
અકેલી છોડકર સીતા યહાં પર કયું તું આયા હે—
કહે લક્ષ્મણ સીયાવરકો મુઝે સીતાને યહાં ભેજા હે
નહી માલૂમ યા રાવણને યે ફંદા મચાયા હે—
જલાકર ખાકકર લંકા જગાયા બારવો બંકા
ઉતારા હીર રાવણકા ઉસે બંદર બનાયા હે—
સીતાસે આયે છુડવાકર વતનસે હાથ છુડવાયા
કહું કયા ભાઈ લક્ષ્મણજી બહુત અબ તો સતાયા હે—
મહા પાપી વો રાવણને ગગન પર ચોકડી બાંધી
મેરી સીતાકો લેજાકર મેરે મનકો દુખાયા હે—

રાગ—આશાવરી ૪૩.

હરીરસ એસો હે મેરે ભાઇ જીસકે પીનેસે મગન હો
જાઈ (૨)
પ્રેમરસ એસો હે મેરે ભાઇ મીઠારે મીઠા સબ કોઇ
પીએરે, કડવા પીએ નહી કોઈ—હરીરસ
